પ્રલોભન આપવાના રાજ્યભરમાં કુલ બે જેટલા કેસો : એક કેસમાં પોલીસ ફરિયાદ

મંજુરી વિના જાહેરસભા સંબોધનના ચાર કિસ્સા

ગાંધીનગર, તા. ૧૭

રાજયમાં આગામી દિવસોમાં વિધાનસભાની સામાન્ય ચુંટણી યોજાઈ રહી છે ત્યારે, ચુંટણી આયોગ દ્વારા મુક્ત અને ન્યાયી ચુંટણી માટે આદર્શ આચારસંહિતાનો અમલ ચુસ્તપણે થાય તે માટે રાજયભરમાં કડક પગલાં ભરવામાં આવી રહ્યાં છે. જેના પરિણામ સ્વરૂપે તા.૧૬ મી ઓકટોબર સુધીમાં રાજયમાં આચાર સંહિતા અમલમાં આવતાં જાહેર કે ખાનગી સ્થળો ઉપરથી ૨,૫૮,૭૨૦ જેટલા સુત્રો, પોસ્ટર, બેનરો કે અન્ય આવી -ચારાત્મક સામગ્રી હટાવવામાં આવી છે. આ કિસ્સાઓ પૈકી વડોદરા અને રાજકોટ જિલ્લાઓમાં એક એક અને સુરત જિલ્લામાં બે મળી કુલ ચાર જેટલી પોલીસ એફ.આઈ.આર. નોધવામાં આવી છે. મતદારોને વિવિધ -લોભન કે રોકડ કે કોઈ ચીજ વસ્તુઓ આપી ખુશ કરવા માટે રાજકોટ અને વડોદરા જિલ્લાના એક એક મળી કુલ બે જેટલા કેસો નોંધી પોલીસ ફરિયાદ કરવામાં આવી છે. સાથે સાથે મંજુરી વિના જાહેર સભા યોજી ભાષણ કરવા બદલ ચાર કિસ્સા નોધાયા છે. મતદારોને આકર્ષવા માટેના ૨૨ જેટલા નોધાયયેલા કિસ્સામાં જોઈ તો વડોદરા જિલ્લામાં કુલ. ૧૩ અને મહેસાણા આઠ તથા તાપી જિલ્લાના એક કીસ્સાનો સમાવેશ થાય છે.

રાજયના મુખ્ય ચુંટણી અધિકારી શ્રીમતી અનિતા કરવલે આદર્શ ચુંટણી આચારસંહિતાના અમલ માટે કરવામાં આવેલી રાજયવ્યાપી કામગીરીની વિગતો આપતાં જણાવ્યું છે કે, અત્યાર સુધીની તા. ૧૬મી ઓકટોબર સધીની -ાપ્ય માહિતી અનુસાર રાજયમાં જાહેર સ્થળોએ દિવાલો ઉપર સુત્રો લખવા, પોસ્ટર લગાડવા, બેનરો લગાવવા કે અન્ય આવી -ચારાત્મક સામગ્રીના જાહેર ઉપયોગ અંગેના કુલ ૨,૪૨,૨૨૫ કેસ નોધાયા છે. જયારે ખાનગી મિલકતો ઉપરથી ૧૬,૪૯૫ જેટલા કિસ્સાઓમાં -ચાર સામગ્રી, પોસ્ટર, બેનરો વગેરે હટાવાઈ છે. જાહેર સ્થળો અને દિવાલોને -ચાર સામગ્રીથી વિકૃત બનાવતા ૮૫,૮૯૯ પોસ્ટરો અને ભીતચિત્રો દુર કરવામાં આવ્યા છે. આજ રીતે; ખાનગી મિલકતોને ખરાબ કરતા ૧૬,૦૧૨ જેટલા સૂત્રો, પોસ્ટર વગેરે દ્વારા ચુંટણી આચારસંહિતાના અમલ બાદ તંત્ર દ્વારા દુર કરવાયા છે.

આગામી તા. ૧૩, અને ૧૭ ડિસે. ના રોજ યોજાનાર રાજયની વિધાનસભાની આ ચુંટણી કાર્યક્રમના પગલે રાજયના મુખ્ય ચુંટણી અધિકારી શ્રીમતિ અનિતા કરવલે તમામ જિલ્લા ચુંટણી અધિકારીઓ અને જિલ્લા પોલીસ વડાઓને આચારસંહિતાના ચુસ્ત અમલ માટે સુચનાઓ આપી હતી. તદનુસાર સમગ્ર ચુંટણીપંચની માર્ગદર્શક સુચનાઓ મુજબ ચુંટણીના -ચાર વખતે કોઈ ઉમેદવાર કે પક્ષ કોઈપણ સરકારી કચેરીના મકાન/જગ્યા પર પોસ્ટર્સ/ પેપર્સ ચોંટાડવાની કે દિવાલ પર લખાણ લખવાની, કટ આઉટ હોર્ડીગ્સ, બેનર્સ વિગેરે કેટલાક અપવાદો સિવાય -દર્શિત કરી શકતા નથી.

ગાંધીનગર એ સર્કલ્સ ઉપરાંત ગાર્ડન્સનું પણ નગર ગણાય છે. પરંતુ, ઘણા સમયથી અહીંના ગાર્ડન્સની દશા બેઠી હોય એવા જ સમાચારો જોવા મળી રહ્યા છે. અલબત્ત, આ નવરાત્રી દરમ્યાન સારા સમાચાર એ મળ્યા છે કે સેક્ટર-૨ ૩માં વર્ષો પહેલાં બનાવવામાં આવેલા ને લગભગ બરબાદ થઈ ચૂકેલા ગાર્ડનના નવિનીકરણનું કામ ચાલુ કરવામાં આવ્યું છે. (તસવીર : દિપક જાની)

મતદાન જાગૃતિ માટે મુખ્ય ચૂંટણી અધિકારી ગુજરાત દ્વારા શ્રી 'મત' અને શ્રી 'મતી' મેસ્કોટ રીલીફ કરાયું

ગાંધીનગર, તા. ૧૭

ગુજરાતના મુખ્ય ચૂંટણી અધિકારી શ્રીમતી અનિતા કરવલે જણાવ્યું છે કે, લોકશાહીની આધારશીલા સમાન સામાન્ય ચૂંટણીઓ મુક્ત અને ન્યાયી વાતાવરણમાં સંપન્ન થાય અને મતદારો તેમના મતાધિકારનો નિષ્પક્ષ રીતે નિર્ભયતાથી ઉપયોગ કરી તેમના મનપસંદ ઉમેદવારોને ચૂંટે એ અત્યંત પાયાની અને મહત્વપૂર્ણ બાબત છે. ગુજરાત વિધાન સભા સામાન્ય ચૂંટણીઓ-૨૦૧૨મા મતદારો મુક્ત અને ન્યાયી વાતાવરણમાં કોઈપણ લોભ - લાલચ, ભય વગર તેમના મત અધિકારનો ઉપયોગ કરે એ માટે ચૂંટણી પંચ મતદાર જાગૃતિ માટે સઘન રીતે સંનિષ્ઠ -યાસો કરે છે એમ તેમણે ઉમેર્યું હતું.

શ્રીમતી કરવલે કહ્યું કે, મહિલા અને પુરૂષ નાગરિકોમા મતદાન -તિ પુરતી જાગૃતિ આવે એ માટે તથા તેઓ તેમના મતાધિકારનો મુક્ત અને ન્યાયી વાતાવરણમાં ઉપયોગ કરી શકે એ માટે ગુજરાતના ચૂંટણી પંચે શ્રી 'મત' અને શ્રી 'મતી' મેસ્કોટ રીલીઝ કર્યુ છે.

શ્રી 'મત' અને શ્રી 'મતી' મેસ્કોટ વિષે વધુ વિગતો આપતાં મુખ્ય ચૂંટણી અધિકારી શ્રીએ કહ્યું કે, મતદાન બાદ મતદારોના ડાબા હાથની -થમ આંગળી ઉપર કાળી અવિલોપ્ય શાહીનું ટપકુ મુકવામાં આવે છે. આ બાબતને સિંબોલિક સ્વરૂપે શ્રી 'મત' અને શ્રી 'મતી' મેસ્કોટમાં રજુ કરવામાં આવી છે. મહિલા મતદારોમા મતદાન માટે યોગ્ય જાગૃતિ આવે એ અત્યંત જરૂરી બાબત છે એમ તેમણે ઉમેર્યું હતું.

શ્રીમતી કરવલે જણાવ્યું હતું કે, 'મત' એટલેઁ વોટ' અને 'મતી' એટલેઁ બુધ્ધિ', આ બન્ને બાબતોનું મતદારો સુયોગ્ય સંકલન કરી બુધ્ધિપૂર્વક મતદાન કરે એ મેસ્કોટનો મુખ્ય સંદેશ છે.

ગુજરાતના ચૂંટણી વહીવટી તંત્ર દ્વારા '' શ્રી મત અને શ્રી મતી '' મેસ્કોટનો પોસ્ટર, હોર્ડિંગ વગેરે દ્વારા ઉપયોગ કરી મતદારોમા મતદાન અંગેની વ્યાપક જાગૃતિ આણવાના -યાસો કરવામાં આવશે તેમ શ્રીમતી કરવલે વધુમાં ઉમેર્યું હતું.

ભારતીય જનતા યુવા મોરચાનું બુથ ચલો અભિયાન

૨૦૦૦ યુવા વિસ્તારકો ગુજરાતના ગામડા ખુંદશે

અમદાવાદ, તા. ૧૬

ભારતીય જનતા યુવા મોરચાની પ્રદેશ ટીમ બેઠક આજરોજ ભાજપાના પ્રદેશ કાર્યાલય ખાતે મળી હતી. ગુજરાત વિધાનસભાની આવી રહેલી ચૂંટણીમાં બુથ વિજય થકી બેઠકના વિજયના વિજ્ઞાનને મજબુત બનાવવા સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ ૩૧ ઓક્ટોબરથી ૪ નવેમ્બર યુવા મોરચા દ્વારા બુથ ચલો અભિયાન હાથ ધરવાનું નિર્ધારીત થયું હતું.

પ્રદેશ બેઠકની માહિતી આપતા ભારતીય જનતા યુવા મોરચાના પ્રદેશ અધ્યક્ષ શ્રી પ્રદિપસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે સમગ્ર રાજયમાંથી ૩૧ ઓક્ટોબરથી ૪ નવેમ્બર ભાજપ યુવા મોરચાના ૨૦૦૦ યુવા કાર્યકર્તાઓ વિસ્તારક તરીકે ગુજરાતના ગામેગામ જશે અને ૩૦૦૦૦ જેટલા બુથોમાં યુવાનોનો સંપર્ક કરશે. વિસ્તારક તરીકે જનાર ૨૦૦૦ યુવાઓ સાથે સ્થાનિક ૨૦૦૦ વિસ્તારક આ અભિયાનમાં જોડાશે.

ભાજપાના વિસ્તારક તરીકે જનાર કાર્યકર્તાઓ પોતાના જિલ્લાને છોડી અન્ય જિલ્લામાં જશે. ભાજપાની મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સતત ૧૧ વર્ષથી કાર્યરત સરકારની હકારાત્મક વિકાસલક્ષી બાબતો આમજનો સમક્ષ અને યુવાનો સમક્ષ યુવાકલ્યાણની નીતિ રજુ કરશે. આ ઉપરાંત કેન્દ્રની કોંગ્રેસ સરકાર દ્વારા મોંઘવારી, ભ્રષ્ટાચાર અને ગુજરાતને કરવામાં આવતા અન્યાયની બાબતો પણ આ વિસ્તારકો પોતાના પ્રવાસ દરમ્યાન લોકો વચ્ચે રજૂ કરશે.

ભાજપાના વિસ્તારક તરીકે જનાર યુવાન કાર્યકર્તાઓ રોજ ૩ બુથનો સવારે ૮.૦૦ થી રાતના ૧૦.૦૦ દરમ્યાન સંપર્ક કરશે. ભાજપના ધ્વજ ઘરે ઘરે લગાવવાનું પણ કામ કરસે. વિસ્તારક તરીકે ગામડા ખૂંદવા જનારા યુવા કાર્યકરોને વિદાય આપવાનો કાર્યક્રમ ૩૧ ઓક્ટોબરના રોજ અમદાવાદ ખાતે યોજાશે. વિસ્તારક યોજનાના રાજયના સંયોજક તરીકે પ્રદેશ યુવા મોરચાના મહામંત્રી શ્રી હિતેશભાઈ પટેલ જવાબદારી નિભાવશે. ભારતીય જનતા પાર્ટીના સહયોગથી સમગ્ર રાજયમાં ચૂંટણા પહેલા યુવા મોરચો જનજનને જાગૃત કરી મોંઘવારી, ભ્રષ્ટાચારનો પર્યાય કોંગ્રેસને જડમૂડમાંથી ઉખેડી ફેંકવા આક્રમકતાથી કાર્યરત થશે.

પ્રિન્સીપાલે માર મારતા વિદ્યાર્થીનો પગ ફ્રેકચર

અમદાવાદ, તા. ૧૭

શહેરના કૃષ્ણનગર ખાતે આવેલી પ્રકાશ હિન્દી હાઈસ્કૂલ સ્થિત અંગ્રેજી શાળામાં પ્રિન્સીપાલે માર-મારતા વિદ્યાર્થીનો હાથ ફેંક્ચર થઈ ગયો હોવાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ છે.ઘટનાની વિગતવાર માહિતીએવી છે કે કૃષ્ણનગર ખાતેના ભગીરથ પાર્ક ખાતે જીતેન્દ્રકુમાર સવીયા પોતાના પરિવાર સાથે રહે છે. જીતેન્દ્રભાઈનો પુત્ર વત્સલ નજીકમાં આવેલી ઓકસફોર્ડ ઈંગ્લીશ સ્કૂલના ધો.૭માં અભ્યાસ કરે છે.

ગઈ કાલે સાંજે પાંચ વાગ્યાના સુમારે વત્સલ કરાટે ક્લાસમાં ગયો હતો. ત્યારે કેટલાક વિદ્યાર્થીઓ બુમા-બુમ કરી રહ્યા હતા. તે સમયે પ્રિન્સીપાલ રાકેશભાઈ ત્યાં ધસી આવ્યા હતા અને વિદ્યાર્થીઓને માર-મારવા લાગ્યા હતા.

ચૂંટણી પ્રક્રિયા સાથે સંકળાયેલા અધિકારી કર્મચારીઓને ત્રણ તબક્કે તાલીમ અપાશે : કરવાલ

ગાંધીનગર, તા. ૧૭

રાજયના મુખ્ય ચૂંટણી અધિકારી શ્રીમતી અનિતા કરવલે જણાવ્યું છે કે, લોકશાહીના મહાપર્વ સમાન ચૂંટણીઓમાં મતદાન એ મહત્વપૂર્ણ આધારશીલા છે. મતદાન પ્રક્રિયા ગુપ્ત, ન્યાયી અને નિષ્પક્ષ રીતે યોજાય તથા મતદારો તેમના અધિકાર દ્વારા તેમના મનપસંદ પ્રતિનિધિને ચૂંટી ગુજરાતની વિધાનસભામાં મોકલે એ માટે ભારતના ચૂંટણી પંચે અનેકવિધ સતર્ક પગલાં લીધા છે.

શ્રીમતી કરવલે કહ્યું કે, લોકપ્રતિનિધિત્વ અધિનિયમ ૧૯૫૧ અને ચૂંટણી સંચાલનના નિયમો-૧૯૬૧ તેમજ ભારતના ચૂંટણી પંચને મળેલા બંધારણીય અધિકારોથી નિર્દિષ્ટ સૂચનાઓનું ગુજરાતની વિધાનસભા ચૂંટણીઓ-૨૦૧૨ માં ચુસ્તપણે અસરકારક પાલન થાય અને મતદાન પ્રક્રિયામાં કોઈપણ પ્રકારની ક્ષતિનો અવકાશ ન રહે તે માટે ભારતના ચૂંટણી પંચે ચૂંટણી કામગીરી કરનાર ફરજ પરના અધિકારીઓ/કર્મચારીઓ કાર્યક્ષમ રીતે ચૂંટણી પ્રક્રિયાનું સંચાલન કરે તે માટે તેમને સઘન તાલીમ આપવાની ત્રીસ્તરીય વ્યવસ્થા સુનિશ્ચિત કરી છે. આ ઉપરાંત ચૂંટણીની સંચાલન પ્રક્રિયામાં સામેલ તમામને ચૂંટણી પ્રક્રિયાને લાગુ પડતા તમામ પાસાઓની સરળ સમજણ અને માર્ગદર્શન મળી રહે તે માટે ઉમેદવારો, ચૂંટણી એજન્ટ માટે માર્ગદર્શક તાલીમ તથા મતદાન મથકના એજન્ટ અને મતગણતરી એજન્ટ માટેની તાલીમ માટેનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ માટે વિવિધ અસરકારક તાલીમ મડોયુલ્સ તૈયાર કરવામાં આવ્યા છે એમ તેમણે ઉમેર્યું હતું.

મતદાનની પ્રક્રિયામાં મોટી સંખ્યામાં જુદા જુદા વિભાગો-કચેરીઓના અધિકારીઓ/કર્મચારીઓ ચૂંટણીની કામગીરીની ફરજ બજાવતા હોય ત્યારે તેમને ચૂંટણી પહેલાં ત્રણ-ત્રણ વખત જુદા જુદા તબક્કે સઘન તાલીમ આપવામાં આવસે. જાણકારીના અભાવે પણ ચૂંટણી પ્રક્રિયામાં કોઈ ક્ષતિ થાય અને ચૂંટણીની પવિત્રતા દૂષિત થાય નહીં એ પ્રકારની સતર્કતા દાખવી, ચૂંટણી સાથે સંકળાયેલા ત્રણ લાખ જેટલાં કર્મચારી/ અધિકારીઓને તાલીમબદ્ધ કરવામાં આવી રહ્યાં છે. તાલીમ સંબંધી વિસ્તૃત માર્ગદર્શિકા રાજયના પ્રત્યેક જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીઓને આપવામાં આવી હોવાનું તેમણે ઉમેર્યું હતું.

પ્રત્યેક જિલ્લાના ચૂંટણી અધિકારીશ્રીઓને પોલીસ અધિકારીઓને બેચવાઈઝ તાલીમ અપાશે. તાલીમમાં કર્મચારીઓને દૃશ્ય-શ્રાવ્ય ફિલ્મ, પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન, પ્રશ્નોત્તરી, પ્રત્યક્ષ નિદર્શન દ્વારા ચૂંટણી પ્રક્રિયાની તલસ્પર્શી જાણકારી આપી સુસજ્જ કરવામાં આવશે. આવશ્યકતા અનુસાર આધુનિક અને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી સરળ અને સચોટ સમજ પુરી પાડી શકે એવા દસ પ્રકારના તાલીમ મોડ્યુલ્સ દ્વારા ચૂંટણીની વહીવટી અને સંચાલન પ્રક્રિયા સાથે સંકળાયેલા તમામને તાલીમ આપી સુસજ્જ કરવાની સઘન કામગીરી ચાલી રહી છે. ચૂંટણી પ્રક્રિયાના તમામ તબક્કે નાનામાં નાની વિગતોમાં પણ કોઈ ચૂક ન થાય તે રીતે ચૂંટણી પ્રક્રિયા સાથે સંકળાયેલા તમામ કર્મચારી/અધિકારીશ્રીઓને તાલીમબદ્ધ કરવાનું 'માઈક્રો લેવલ ટ્રેનીંગ શિડ્યુઅલ પ્લાનીંગ' કરવામાં આવ્યું છે.

પગલાં લેવાશે

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

ખચકાશે નહિ. તેમણે જણાવ્યુ હતુ કે સ્ટેટીક સર્વેલન્સ દ્વારા ઉભા કરાયેલા નાકાઓ એ ગુમ બાબત છે.

ગુજરાતમાં આગામી વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ જાહેર થતાં ચૂંટણી પંચ દ્વારા આદર્શ આચારસંહિતાનો અમલ ચુસ્તપણે કરવામાં આવી રહ્યો છે. આ માટે ચૂંટમઈ પ્રચાર માટે વિવિધ રાજકીય પક્ષો અને વ્યક્તિઓ દ્વારા મતદારોને આકર્ષવા કે પ્રલોભન આપવા માટે ગેરકાયદેસર નાણાંકીય હેરફેર અટકાવવા માટે ચૂંટણી પંચે ફ્લાઈંગ સ્કવોડ અને સ્ટેટિક સર્વેલન્સ ટીમોને કામે લગાડી છે.

મુખ્ય ચૂંટણી અધિકારી શ્રીમતી અનિતા કરવલે આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, તા. ૧૬મી ઓક્ટોબર સુધીમાં રાજયમાંથી સ્ટેટિક સર્વેલન્સ ટીમો દ્વારા રૂ. ૫,૦૦,૦૦૦ જેટલી બિનહિસાબી ગુનાહીત ઉદ્દેશ સાથેની રકમ પકડવામાં આવી છે જયારે આ ટીમો દ્વારા બિનહિસાબી નાણાંકીય હેરફેરને રોકવાના ઉદ્દેશથી બિનગુનાહીત હેરફેર અંતર્ગત કુલ રૂ. ૧,૪૩ કરોડ જેટલી રોકડ પકડી આવકવેરા વિભાગને સુપરત કરી છે. આ અંગે રાજયમાં બે વિવિધ કિસ્સામાં પોલીસ ફરીયાદ પણ નોંધવામાં આવી છે. જ્યારે ફ્લાઈંગ સ્કવોર્ડ દ્વારા ગઈકાલ સુધીમાં રૂ. ૭.૮૮ લાખ રોકડાં અને રૂ. ૭,૨૦૦ની કિંમતના બિયરને પકડી પડાયા છે.

મુખ્ય ચૂંટણી અધિકારીશ્રીએ વધુ વિગતો આપતા જણાવ્યું હતું કે, રાજયમાં કુલ બાર કિસ્સામાં સ્ટેટિક સર્વેલન્સ ટીમો દ્વારા જે રોકડ રકમ પકડી છે તેમાં સુરત જિલ્લામાંથી રૂપિયા ૨૧,૫૪,૪૮૦ પકડવામાં આવ્યા છે. આ જ રીતે અમદાવાદ જિલ્લામાંથી રૂ. ૭.૫૦ લાખ જ્યારે મહેસાણા જિલ્લામાંથી રૂ. ૬.૧૫ લાખ, જૂનાગઢ જિલ્લામાંથી રૂ. ૩,૪૦,૮૨૦ પકડાયા છે. ભરૂચ જિલ્લામાંથી રૂ. ૬,૫૨,૨૦૦ અને ભાવનગર જિલ્લામાંથી રૂ. ૧૨ લાખ ૨૨ હજાર રોકડા ટીમ દ્વારા પકડવામાં આવ્યા છે. આ ઉપરાંત ગાંધીનગર જિલ્લામાંથી રૂ. ૬ લાખ જમ કરવામાં આવ્યા છે. ભરૂચ અને ગાંધીનગર વિસ્તારમાંથી પકડાયેલી રોકડ રકમ અંગેની તપાસ આવકવેરા વિભાગ દ્વારા હાથ ધરવામાં આવી છે.

જે કુલ રૂ. ૧,૪૩ કરોડની રોકડ પકડી આવકવેરા વિભાગને સુપરત કરાઈ હતી તે પૈકીની રૂ. ૧,૪૧ કરોડની રકમ જે તે વ્યક્તિઓને પરત કરાઈ છે. જ્યારે આઈટી વિભાગને રૂ. ૨૯.૯૦ લાખ ચલણથી ભરવામાં આવી છે.

શ્રીમતી કરવલે કહ્યું હતું કે, જે રોકડ રકમ ટીમો દ્વારા પકડવામાં આવી છે તે વખતે જે વ્યક્તિ રોકડ રકમના હીસાબો બતાવી શકતા નથી તેમની જ રકમ પકડવામાં આવે છે અને તેઓ પોતાની રોકડ રકમના હિસાબ આપે છે તેમને સ્થળ ઉપર જ જરૂરી તપાસ બાદ જવા દેવામાં આવે છે અને રકમને જમ કરવામાં આવતી નથી.

સિલીંગ પ્લાસ્ટર કરાશે

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ચાલુ વર્ષ દરમિયાન પણ સેક્ટરોમાં કંગાળ ભાસતા આવાસોની મરામત માટે નોંધપાત્ર કામગીરી થઈ નથી. છેલ્લા ચાર દસકાથી વધુ સમયના અંતે આવાસોની કોઈ દરકાર ન લેવાતા આ પૈકી ઘણા ખરા મકાનો જોખમી સ્થિતિમાં હોવાનો સૂર ઉઠવા પામ્યો છે. ચોમાસાના અંતે શહેરમાં સ્થિત સરકારી મકાનોમાં લીકેજીસની સમસ્યાઓ વધી છે. જયારે છાશવારે છતમાંથી પોપડા ખરતા હોવાના કિસ્સાઓ પણ ધ્યાને આવે છે. સે-૧૬ અને સે-૧૭માં ગત સપ્તાહ પૂર્વે જ સિલીંગમાં ગાબડા પડતા એક વ્યકિતને ઈજા થઈ હોવાનું પણ ધ્યાને આવ્યું છે. જેને અનુલક્ષી પાટનગર યોજના વિભાગ દ્વારા સેક્ટરોમાં સ્થિત આવાસના મામલે યાદી તૈયાર કરી સિલીંગ પ્લાસ્ટરનું કામ હાથ ધરવાનું આયોજન કરવામાં આવ્યું છે. અફસરો અને પ્રધાનોના બંગલાના રૂપરંગ બદલવા કરોડો ખર્ચાયા બાદ આવાસોની ભયજનક સ્થિતિ નિવારવા ઠેંગો બતાવાતો હોવાનું ચિત્ર ઉપસી આવતા રહીશોમાં પ્રબળ રોષ પ્રવર્ત્યો છે.

ડેટા તૈયાર

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ઉચ્ચકક્ષાએથી સમગ્ર કામગીરીને પારદર્શક અને ઝડપી બનાવવાનો નિર્ણય લેવાતા હવે શાખાની સઘળી કામગીરી ઓનલાઈન કરવાની પ્રક્રીયા આરંભી દેવાઈ છે. પાટનગર યોજના ભવન સ્થિત ભાડા વસુલાત શાખાએ પણ આ અંગે જરુરી માહિતી તૈયાર કરી સમગ્ર ડેટા વિભાગને સુપ્રત કરી દીધો છે. જયારે આગામી તબક્કામાં ઝડપથી સોફ્ટવર તૈયાર કરી આવાસ સંબંધિત કામગીરી ઓનલાઈન કરી દેવાશે.

સર્વે હાથ ધરાશે

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

અવમાનના કીસ્સામાં આવાસમાં ગેરકાયદેસર કબજો હોવાનું પણ પ્રકાશમાં આવ્યું હતું. જ્યારે કોર્ટ કાર્યવાહીના અંતે મકાનો ગેરકાયદેસર કબજામાંથી મુક્ત કરાયા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર સંસ્થાઓને ફાળવવામાં આવેલ મકાનો સંદર્ભે આગામી ટૂંક સમયમાં સર્વે હાથ ધરાશે જેના અંતે હેતુફેરના કેસ સંદર્ભે કાર્યવાહી કરવામાં આવશે.

શબ્દાવલી - ૪૮૭૪

૧		૨		૩	■	૪	૫
	■		■	૬	૭	■	
૮	૯		■	૧૦			
૧૧		■	૧૨			■	■
૧૩		■	૧૪		■	■	૧૫
■	■	૧૬		■	૧૭	૧૮	
૧૯	૨૦			■	૨૧		■
૨૨			■	૨૩			■

આડી ચાવી

૧. વાજુ, વાજાપેટી (૫)
૪. દયા, અનુકંપા (૨)
૬. રૂઆબ (૨)
૮. એક કીડી જેવું મોટું જંતુ (૩)
૧૦. ડર લાગે તેવું (૪)
૧૧. એક કઠોળ (૨)
૧૨. માટી ખોદવાનું એક સાધન (૩)
૧૩. સુંવાળો, લપસણો (૨)
૧૪. જા ટળ જેવો તુચ્છકાર વાચક શબ્દ (૨)
૧૬. કેળાનું ઝાડ (૨)
૧૭. મહાન માણસ (૩)
૧૯. માલ-મિલ્કત (૪)
૨૧. ચરણ, ચાલવાની ઇન્દ્રિય (૨)
૨૨. હિન્દી ફિલ્મના અભિનેતા પરેશ... (૩)
૨૩. ગધેડો (૩)

ઊભી ચાવી

૧. હલકાં દરજ્જાનો, રેંજીપેજી (૫)
૨. ઈંટો કે માટીના વાસણ પકવવાનો ભઠ્ઠો (૩)
૩. સુંદર વળાંકવાળા (૫)
૫. ઘોડિયું (૩)
૭. ઉપવાસમાં... વાનગીઓ ખવાય (૩)
૯. બળતણ (૩)
૧૨. નાજુકતા, કુમાશ (૪)
૧૫. વેગ, ઝડપ (૨)
૧૬. ઊંટનું અંગ્રેજી (૩)
૧૭. દુઃખ, પીડા (૩)
૧૮. ભોંયરૂં (૩)
૧૯. નિશાન મારવા કિલ્લાની દિવાલમાં રખાતા બાંકા (૨)
૨૦. શ્રીરામનો પુત્ર (૨)

શબ્દાવલી ૪૮૭૨ના જવાબ

આડી ચાવી :- (૧) આજીવિકા (૪) ઘર (૬) ફનકાર (૮) રળીયામણું (૯) કટકી (૧૦) કિસ્મત (૧૩) લદબદ (૧૭) સુવાસ (૧૮) ઉજળું (૧૯) ગાલ

ઊભી ચાવી :- (૨) જીવન (૩) કાશ્મીર (૪) ઘડિયાળ (૫) કાણુ (૬) ફટાકડા (૭) કારકિર્દી (૧૧) તલવાર (૧૨) શબ (૧૪) દસ (૧૫) દલાલ (૧૬) ધ્વજ

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of

Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz

and a wide range of vivid pattern with extinguish combinations.

એક્સક્લુસિવ શો-રૂમ

asian TILES WORLD Radhe ENTERPRISE

F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ

સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ

Nirmala Tyres

Authorised DEALER : CEAT, APOLLO TYRES

CEAT TYRES — APOLLO TYRES

ઉપલબ્ધ સેવાઓ :
- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.

રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે

એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.

૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૫૨૮

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

- વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
- સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
- વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
- જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન